South West London
Health & Care
Partnership

# કનેક્ટિંગ યોર કેર

## ગોપનીયતા સૂચના - પ્રત્યક્ષ સંભાળ

**સરળ અંગ્રેજી સમજૂતી**

આ ગોપનીયતા સૂચના એ સમજાવે છે કે સ્વાસ્થ્ય અને સંભાળ પ્રદાતાઓ તમારા વિશે માહિતી શા માટે એકત્ર કરે છે અને તે માહિતી કેવી રીતે ઉપયોગમાં લેવાશે. અમારા 'કનેક્ટિંગ યોર કેર' કાર્યક્રમ માટે વધારાની માહિતી માટે કૃપા કરીને 'કનેક્ટિંગ યોર કેર' પત્રિકા અને વારંવાર પૂછાતા પ્રશ્નો જુઓ અથવા અહીં મુલાકાત લો: www.swlondon.nhs.uk/connectingyourcare.
સ્વાસ્થ્ય અને સંભાળ વ્યવસાયીઓ જેઓ તમારી દેખભાળ રાખે છે, તેઓ તમે પહેલા પ્રાપ્ત કરી હોય અથવા હાલ મેળવી રહ્યા હોવ તેવી સારવાર અથવા સંભાળની વિગતો ધરાવતા સ્વાસ્થ્ય અને સંભાળ રેકોર્ડ્સ જાળવે છે. આ રેકોર્ડ્સ તમને શક્ય તેટલી ઉત્તમ સંભાળ પુરી પાડવામાં મદદ કરે છે.
NHS દર્દી સ્વાસ્થ્ય અને સંભાળ અહેવાલો ઇલેક્ટ્રોનિક, કાગળ પરના અથવા આ બંનેનું મિશ્રણ હોઈ શકે છે, અને કાર્યરીતિઓ તથા ટેક્નોલોજીનું સંયોજન એ સુનિશ્ચિત કરે છે કે તમારી માહિતી ગોપનીય અને સલામત રાખવામાં આવે છે. સ્વાસ્થ્ય અને સંભાળ પ્રદાતાઓ તમારા વિશે જે રેકોર્ડ્સ ધરાવે તેમાં નિમ્નલિખિત માહિતીનો સમાવેશ થઈ શકે છે:

- તમારા વિશેની માહિતીઓ, જેવી કે, સરનામું, સંપર્ક વિગતો તથા પારિવારિક વિગતો
- સ્વાસ્થ્ય અને સંભાળ પ્રદાતાએ તમારી સાથે કરેલો કોઈપણ સંપર્ક જેવો કે આયોજિત મુલાકાતો, દવાખાનાની મુલાકાતો, તાકીદની મુલાકાતો, વગેરે
- તમારા સ્વાસ્થ્ય અને સંભાળ વિશેની નોંધો/અહેવાલો અને મૂલ્યાંકનો
- તમારી આયોજિત સારવાર અને સંભાળ વિશેની વિગતો
- પરીક્ષણો, જેવા કે રક્તની તપાસ, એક્સ-રે, વગેરેના પરિણામો
- અન્ય સ્વાસ્થ્ય અને સામાજિક કાળજી વ્યવસાયીઓ, સગાંઓ અથવા જેઓ તમારી કાળજી લે છે તેમના તરફથી સુસંગત માહિતી
- જો તમારી પાસે સામાજિક કાળજી મૂલ્યાંકન, મૂલ્યાંકનનો પ્રકાર અને હવે પછીની આયોજિત સમીક્ષાની તારીખ હોય તો.

તમારા વિશે પુરી પાડેલી માહિતી તમારી સંભાળ રાખી રહેલા સ્વાસ્થ્ય અને સામાજિક કાળજી વ્યાવસાયિકો દ્વારા એ સુનિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે કે તેમની પાસે સૌથી અદ્યતન માહિતી ઉપલબ્ધ હોય જેથી તેઓ તમને ઝડપથી તપાસી શકે અને તમારી કાળજી

માટે ઉત્તમ નિર્ણયો લઈ શકે અથવા આયોજન કરી શકે. હાલના સમયે, દરેક સંભાળ પુરી પાડતી સંસ્થાની તમારા રેકોર્ડ્સનું સંચાલન કરવાની અલગ પ્રણાલી છે, અને આવા રેકોર્ડ્સમાં સગ્રહાયેલી માહિતીને "રિયલ ટાઇમ", એટલે કે તત્ક્ષણ ઇલેક્ટ્રોનિક રુપમાં વહેંચી શકાય તે માટે કોઈ રસ્તો નથી. આનો અર્થ એમ થાય છે કે જ્યારે સ્વાસ્થ્ય અથવા સામાજિક સંભાળ વ્યવસાયીને તમારા વિશે વધુ જાણવાની જરૂર હોય, તેમણે આ માહિતી જૂની પદ્ધતિઓ, જેવી કે, ટેલિફોન કરવો, ફેક્સ મોકલવો, અથવા તમારા અહેવાલોની કાગળ પર નકલોની વિનંતી કરવી, વગેરે થકી માંગવાની રહેશે, જે તમામમાં સમય લાગી શકે, તેમાં આંકડા ગુમ થઈ જઈ શકે, અથવા જે પુરું પાડવામાં આવ્યું હોય તેમાં અપૂર્ણતાઓ રહી શકે.

કનેક્ટિંગ યોર કેર એક નવી પ્રણાલી રજૂ કરશે જે આ વિવિધ પ્રણાલીઓમાંની દરેક વચ્ચે "જોડાયેલું" ઇલેક્ટ્રોનિક દૃશ્ય પુરું પાડશે જેથી તમારી સંભાળ લઈ રહેલા લોકો તમારી કાળજી માટે ઉત્તમ નિર્ણયો લેવા માટે તમે ઉપયોગ કરતા હોય તેવી દરેક સેવાઓમાંથી અગત્યની માહિતી તાત્કાલિક જોઈ શકશે.

તમને નિમ્નલિખિત 9 પેટા વિભાગોમાં માહિતી પુરી પાડવાનું અમારે માટે કાયદા દ્વારા જરૂરી છે. અમે નીચે વ્યાખ્યાઓની સૂચિ પણ પુરી પાડેલી છે.

| | |
|---|---|
| 1) **કન્ટ્રોલરની** સંપર્ક વિગતો | |
| 2) **ડેટા સંરક્ષણ અધિકારીની** સંપર્ક વિગતો | |
| 3) પ્રક્રિયા કરવાનો **ઉદ્દેશ** | માહિતીને વ્યક્તિને આપવામાં આવતી "પ્રત્યક્ષ કાળજી" પુરી પાડવાના હેતુથી વહેંચવામાં આવશે- એટલે કે, જ્યાં એક સ્વાસ્થ્ય અથવા સંભાળ સંસ્થા દર્દી અથવા સેવા વપરાશકર્તાના સીધા સંપર્કમાં હોય ત્યાં તેમને તાત્કાલિક સંભાળ અથવા સારવાર પુરી પાડવા માટે. |

| | |
|---|---|
| | **પ્રત્યક્ષ દર્દી સંભાળને** કાલ્ડિકોટ રિવ્યૂ દ્વારા 2013માં વ્યક્તિઓમાં બિમારી અને પીડાને વધતી રોકવા, તપાસ કરવા અને સારવાર કરવા અંગેની એક નૈદાનિક, સામાજિક અથવા જાહેર સ્વાસ્થ્ય પ્રવૃત્તિ તરીકે વ્યાખ્યાયિત કરી હતી. તેમાં વ્યક્તિઓની કાર્ય કરવાની ક્ષમતાને ટેકો આપવાનો અને તેમની જીવન અને સમાજમાં સહભાગિતાને સુધારવાનો સમાવેશ થાય છે. તેમાં સ્થાનિક તપાસણી, અનિચ્છિત અથવા નુકસાનકારક બનાવોના સંચાલન, એક અથવા વધુ નોંધાયેલા અને નિયમન થયેલા સ્વાસ્થ્ય અથવા સામાજિક કાળજી વ્યવસાયિકો અને તેમની ટીમ કે જેમની સાથે વ્યક્તિને તેમની સંભાળ અંગે એક કાયદાકીય સંબંધ છે, તેમના દ્વારા હાથ ધરાયેલા મૂલ્યાંકનો સહિતના વ્યક્તિગત સંતોષ થકી સલામત અને ઊચ્ચ ગુણવત્તા કાળજી અને સારવારનો સમાવેશ થાય છે. |
| 4) પ્રક્રિયા કરવાનો **કાયદાકીય આધાર** | પ્રત્યક્ષ સંભાળ પુરી પાડવા અને આ સંસ્થામાં પ્રદાતાઓના વહીવટી હેતુઓ માટે, અને અન્ય ક્યાંક પ્રત્યક્ષ સંભાળના ટેકામાં વ્યક્તિગત ડેટાની પ્રકિયાની નિમ્નલિખિત આર્ટિકલ 6 અને 9 શરતો હેઠળ ટેકો અપાયેલ છે: ડેટા પ્રોટેક્શન ઍક્ટ 2018/જનરલ ડાટા પ્રોટેક્શન રેગ્યુલેશન 2016:<br>*આર્ટિકલ 6(1)(e) '...જાહેર હિત માટે અથવા આધિકારીક સત્તાના પ્રયોગમાં હાથ ધરવામાં આવેલા કાર્યના પ્રદર્શન માટે જરૂરી...'*<br>*આર્ટિકલ 9(2)(h) 'કર્મચારીની કામ કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે નિવારક અથવા વ્યાવસાયિક દવાઓ,* ***તબીબી નિદાન, સ્વાસ્થ્ય અથવા સામાજિક સંભાળ અથવા સારવારની જોગવાઇઓ*** *અથવા સ્વાસ્થ્ય અથવા સામાજિક સંભાળ પ્રણાલીઓ અને સેવાઓના સંચાલનના* ***હેતુઓ માટે જરૂરી...''***<br><br>સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓ પ્રત્યક્ષ કાળજીના ઉદ્દેશો માટે માહિતી વહેંચવા માટે કાયદાકીય બંધન હેઠળ છે.<br><br>અમે યુકે કેસ કાયદા અંતર્ગત તમારા અધિકારોને સંયુક્ત રીતે |

| | |
|---|---|
| | "ગોપનીયતાની સામાન્ય કાનૂની ફરજ" તરીકે પણ ઓળખીશું* |
| 5) **ડેટાના સ્ત્રોતો** અને પ્રક્રિયા કરેલા ડેટાના **પ્રાપ્તકર્તા અથવા પ્રાપ્તકર્તાઓની શ્રેણીઓ** | આ કાર્યક્રમના પહેલા ભાગ માટે અમે તમારી GP પ્રણાલીને સ્થાનિક હોસ્પિટલ સાથે જોડશું, જેથી તમારા GP તમારા હોસ્પિટલ રેકોર્ડને જોઈ શકે અને હોસ્પિટલમાંના સ્વાસ્થ્ય વ્યવસાયીઓ તમારા GP રેકોર્ડને જોઈ શકે. અમુક વિસ્તારોમાં, જ્યાં અન્ય સેવાઓ પહેલેથી જ આના કરતાં વધુ માહિતી વહેંચી રહી છે, તો આવી સેવાઓને પહેલા તબક્કામાં પણ સમાવી લેવામાં આવશે.<br>જ્યારે અન્ય સંસ્થાઓ જોડાઇ રહી હોય અથવા પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફાર હોય ત્યારે, તમને અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવશે અથવા તમે નવી જાણકારી માટે અમારી વેબસાઇટની મુલાકાત લઈ શકો છો:<br>www.swlondon.nhs.uk/connectingyourcare.<br><br>પહેલા તબક્કાની સંસ્થાઓ છે:<br>• SWL GP પ્રેક્ટિસ (ક્રોયડૉન, મેર્ટોન, કિંગ્સ્ટન, રિચમોન્ડ, સટ્ટન અને વૅન્ડ્સવર્થ બરોસમાં GPs)<br>• ક્રોયડોન હેલ્થ સર્વિસિઝ NHS ટ્રસ્ટ<br>• સેન્ટ જ્યોર્જ'સ હેલ્થકેર NHS ટ્રસ્ટ<br>• કિંગસ્ટન હોસ્પિટલ NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ<br>• સાઉથ વેસ્ટ લંડન અને સેન્ટ જ્યોર્જ'સ મેન્ટલ હેલ્થ ટ્રસ્ટ<br>• તમારી સ્વાસ્થ્યસંભાળ સમુદાય હિત કંપની<br>• રોયલ બરો ઑફ કિંગસ્ટન ઍડલ્ટ સોશિયલ કેર<br>• ઍપ્સમ અને સેન્ટ હેલિઅર યુનિવર્સિટી હોસ્પિટલ<br><br>જ્યાં માહિતી વહેંચણીના કાર્યક્રમો પહેલેથી જ અસ્તિત્વમાં છે, જેવી કે સટ્ટન ઍડલ્ટ સોશિયલ કેર, આવી સંસ્થાઓને તબક્કા 1 ના ભાગરુપે વહેલી સાથે લાવી શકાય.<br>આ પહેલા તબક્કા પછી, અમે ધીમે ધીમે અન્ય સેવા સંસ્થાઓને સાથે જોડવા માટે તબક્કા 2 માં પ્રવેશ કરીશું, જેથી તમે જ્યારે પણ લંડન જાઓ ત્યારે તમારા સ્વાસ્થ્ય અને સંભાળ રેકોર્ડ ઉપલબ્ધ હશે. |
| 6) **બહાર નીકળવાનો હક** | તમારી પાસે કોઈપણ સમયે ઇલેક્ટ્રોનિક રીતે માહિતી વહેચણીમાંથી બહાર નીકળી જવાનો હક હશે. જો તમે બહાર નીકળવાનું પસંદ કરો, તો આ પ્રણાલી થકી તમારા વિશે કોઈ માહિતી વહેંચવામાં નહિ આવે.<br>જો તમારી માહિતી વહેંચવામાં ન આવે તેવું તમે પસંદ કરો, તો તમારે એક બહાર નીકળવા માટેનું પત્રક જમા કરાવવાનું રહેશે. તે તમારા GP પ્રેક્ટિસ, તમારી સ્થાનિક હોસ્પિટલની દર્દી સલાહ અને લાએઝન કચેરીમાંથી ઉપલબ્ધ છે અને અહીંથી ડાઉનલોડ પણ કરી શકાય છે:<br>www.swlondon.nhs.uk/connectingyourcare.<br>કનેક્ટેડ-કેર રેકોર્ડ વ્યુમાંથી બહાર નીકળવાનું પસંદ કરવાનો અર્થ એમ નથી કે તમારી માહિતી તમારી સંભાળ લઈ રહેલા લોકો સાથે વહેંચવામાં નહિ આવે, માત્ર એટલું કે તેને હાલની જેમ - |

| | |
|---|---|
| | ફોન, ઇમેલ, ફેક્સ અને પત્ર દ્વારા વહેંચવાનું ચાલુ રાખવામાં આવશે. આથી, તમારી સંભાળ અત્યારે જેવી છે તેના કરતાં અલગ નહિ હોય - તમે માત્ર તમારી અગત્યની માહિતી જલ્દી અને "રિયલ ટાઇમ" વહેંચાવાથી તમને મળી શકતા ફાયદાઓનો લાભ નહિ મેળવી શકો - ખાસ કરીને તાકીદના સંજોગોમાં.<br>તમારે તમારી સંભાળ રાખી રહેલા દરેક સ્વાસ્થ્ય અને સંભાળ વ્યવસાયીને તમારા તબીબી ઇતિહાસ, તમારી સારવાર, એલર્જી (પ્રતિકૂળ પ્રતિક્રિયાઓ) અને દવાઓ વિશે દરેક આયોજિત મુલાકાત અથવા હોસ્પિટલ મુલાકાત વખતે જણાવવું જરૂરી બનશે. તમારી સંભાળ વિશેના નિર્ણયો માટે વધુ સમય લાગી શકે અને આયોજિત મુલાકાતો અને પરીક્ષણોનું પુન:રાવર્તન કરવું પડી શકે.<br>જો તમને તમારા વિશે રાખવામાં આવેલી માહિતી વિશે અથવા તમારી માહિતીના ઉપયોગ વિશે કોઈ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરી અહીં મુલાકાત લો:<br>www.swlondon.nhs.uk/connectingyourcare or contact us at:<br>ઇમેઇલ: connectingyourcare@swlondon.nhs.uk.<br>ફોન: ........................................................................ TBC |
| 7) વાંધો લેવાનો હક | તમને પ્રક્રિયા કરવામાં આવતી અમુક અથવા તમામ માહિતી સામે કલમ 21 GDPR અંતર્ગત વાંધો લેવાનો અધિકાર છે. વધુ માહિતી માટે કૃપા કરીને આ ગોપનીયતા સૂચનાના વિભાગ 6 ને જુઓ અથવા વૈકલ્પિક રીતે, તમારા સંભાળ પ્રદાતાના ડેટા સંરક્ષણ અધિકારીનો સંપર્ક કરો. તમને એ બાબતની જાણ હોવી જોઈએ કે આ વાંધો લેવાનો એવો હક છે જેણે ધ્યાનમાં લેવામાં આવશે; આ તમારી ઇચ્છાઓને તમામ સંજોગોમાં પુરી કરવામાં આવે તે મુજબના અબાધિત હક જેવું નથી. |
| 8) સુલભ કરવા અને સુધારવાનો અધિકાર | તમને તમારા વિશેના જે ડેટાની વહેંચણી કરવામાં આવે તે જોવાનો હક છે. આ 'વિષય સુગમતાના હક' તરીકે ઓળખાય છે. તમે એક પ્રદાતા પાસેથી આ માહિતી માટે વિનંતી કરી શકો છો. જો તમારા સ્વાસ્થ્ય અથવા કાળજી પ્રદાતા તમારા વિશે માહિતી ધરાવતા હોય, અને તમે વિષય સુગમતાની વિનંતી કરો તો તેઓ:<br>• તમને તેનું વર્ણન આપશે<br>• તેને શા માટે રાખવામાં આવે છે તે તમને જણાવશે<br>• તેને કોની સાથે વહેંચી શકાય એ તમને જણાવશે<br>• તમને માહિતીની એક નકલ સમજાય એવા રૂપમાં લેવા દેશે.<br><br>જો તમે 'વિષય સુગમતા વિનંતી' કરવા માંગતા હોવ તો તમારે |

| | |
|---|---|
| | તમારા સ્વાસ્થ્ય અથવા કાળજી પ્રદાતાના ડેટા સંરક્ષણ અધિકારીનો લેખિતમાં સંપર્ક કરવાનો રહેશે.<br>ન્યાયિક કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવે તે સિવાય ચોક્કસ તબીબી અહેવાલોને દૂર કરવાનો કોઈ હક નથી. |
| **8) જાળવણી અવધિ** | ડેટાને કાયદા અને રાષ્ટ્રીય માર્ગદર્શિકા અનુસાર જાળવવામાં આવશે. https://digital.nhs.uk/article/1202/Records-Management-Code-of-Practice-for-Health-and-Social-Care-2016. |
| **9) ફરિયાદ કરવાનો હક.** | જો તમે એવું વિચારો કે માહિતી અયોગ્ય રીતે વહેંચવામાં આવી છે તો, તમને તમારા ડેટાના ઉપયોગ અને વહેંચણી અંગે ફરિયાદ કરવાનો હક છે. દરેક પ્રદાતા પાસે તેમની પોતાની ફરિયાદ પ્રક્રિયા હશે અને તમારે તેમનો સીધો સંપર્ક કરવાનો રહેશે.<br><br>તમે નીચે આપેલી લિન્ક થકી માહિતી કમિશ્નરની કચેરીનો સંપર્ક પણ કરી શકો છો https://ico.org.uk/global/contact-us/ અથવા તેમના હેલ્પલાઇન ટેલિફોન પર કૉલ કરી શકો છો: 0303 123 1113 (સ્થાનિક દર) અથવા 01625 545 745 (રાષ્ટ્રીય દર). |

* "ગોપનીયતાની સામાન્ય કાનૂની ફરજો", સામાન્ય કાયદો સંસદ અધિનયમ જેવા કોઈ એક દસ્તાવેજમાં લખાયેલો નથી. આ કાયદાનું એક સ્વરુપ છે જે ન્યાયાધીશો દ્વારા પહેલા નિર્ણય લેવાયેલા કોર્ટ કેસો ઉપર આધારિત હોય છે, આથી, તેને 'ન્યાયાધીશ નિર્મિત' અથવા 'કેસ' કાયદાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાયદો તેવા પહેલાના કેસોના સંદર્ભ વડે લાગુ પાડવામાં આવે છે, આથી સામાન્ય કાયદો પૂર્વવર્તી ઉપર આધારિત પણ કહેવાય છે. સામાન્ય સ્થિતિ એ છે કે જો માહિતી એવા સંજોગોમાં અપાયેલી હોય કે જ્યાં એવું અપેક્ષિત હોય કે ગોપનીયતાની ફરજ લાગુ પડે, તો તે માહિતી, માહિતી પ્રદાતાની સંમતિ અથવા સંમતિની ગેરહાજરીમાં, એક કાયદેસરના હેતુ વિના સામાન્યપણે જાહેર ન કરી શકાય.